# <u>શાળામાં ટેલિફોન પર મફત ભાષાંતર</u>

નીચે મુજબની બાબતોમાં મદદ માટે શાળાને ટેલિફોન પર વ્યાવસાયિક દુભાષિયા મળી શકશે:

- માતા–પિતા અને શિક્ષકની મુલાકાત – પેરન્ટ ટીચર ઇન્ટરવ્યુ
- એક નવી શાળામાં નામ નોંધણી
- શાળાના કર્મચારીઓ (આચાર્ય – પ્રિન્સીપલ, શિક્ષક – ટીચર, ખાસ શિક્ષણ માટે સ્પેશિયલ એજ્યુકેશન ટીચર (એસ ઇ આર ટી), માર્ગદર્શક સલાહકાર – ગાઇડન્સ કાઉન્સેલર, સેક્રેટરી)
- જે સવાલો તમારે શાળાને પૂછવા હોય એ (મંજૂરી આપતા પરમિશન ફોર્મ્સ, કિંમતો)

તમારી ભાષામાં ભાષાંતર કરાવવાની કિંમત શાળા ચૂકવશે. તમારે એ ચૂકવવાની નથી.

તમે ગુજરાતીમાં સવાલ–જવાબ કરી શકો છો. શાળા લેન્ગવેજ લાઇનનો ઉપયોગ કરશે, જ્યાં અંગ્રેજી અને ગુજરાતી બોલતા દુભાષિયા હોય છે. આ દુભાષિયા બીજા શહેરમાં હોય છે. તમે એ દુભાષિયાને ટેલિફોન પર સાંભળી શકશો. બધી જ માહિતી ખાનગી રહે છે અને દુભાષિયા તમારા બાળક વિશે બીજા કોઇને કંઇ નહીં કહે.